## સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૯ થી ૧૧ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ

### ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થીઓમાં આળસ દેખાઈ, શિક્ષણ પાટે ચઢતાં સપ્તાહની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

દોઢ વર્ષ પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધો.૯ થી ૧૧ ના વર્ગોમાં ગઈકાલથી પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું. વરસાદી માહોલના કારણે સુસ્તી જોવા મળી. ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થીઓનો અભ્યાસનો મહાવરો વિચલિત થયાનું પણ જોવા મળ્યું જેથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ પાટે ચઢતાં સપ્તાહની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

શિક્ષણ કાર્યને કોરોનાએ રીતસરનું ખોરવી નાખ્યું હતું. દરરોજ ઓનલાઈન શિક્ષણના કારણે વાલીઓની મુસીબતમાં વધારો થતો હતો. દરેક પરિવારો પાસે ૨ એન્ડ્રોઈડ ફોન રાખવાનું બજેટ પણ ન હોય તે સ્વાભાવિક છે આ સંજોગોમાં વાલી પોતાના સંતાનનું શિક્ષણ સાચવવા જાય તો તેના ધંધા-રોજગારને માઠી અસર થતી હતી. કોરોનાના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ રહેતાં ઓનલાઈન અને હોમલર્નિંગથી વિદ્યાર્થીઓને શિક્ષણમાં જાજી રૂચિ જોવા ન મળી પરંતુ અડસટ્ટે ઓનલાઈન શિક્ષણ વિદ્યાર્થીઓ લેતા રહ્યા. એક રીતે વિદ્યાર્થીઓ શિક્ષણના ટ્રેકથી ઉતરતા હોય તેવી સ્થિતિ સામે આવી. સતત મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં અનેક દૂષણોનો જન્મ થયો. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળોની યોગ્ય રજૂઆત પછી તા.૨૬ જુલાઈથી રાજ્યમાં ધો.૯ થી ૧૧ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયું. જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, પોશીના વિસ્તારની શાળાઓમાં પ્રથમ ૨ દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓની ઓછી હાજરી ચિંતાજનક બની પરંતુ વરસાદના કારણે ઓછી સંખ્યાનું મન શાળા સંચાલકો, આચાર્યોએ બનાવ્યું છે પરંતુ એ વાત સ્વીકારવી પડશે કે ઓનલાઈન શિક્ષણના કારણે વિદ્યાર્થીઓમાં અનેક પ્રકારની આળસ અને નબળાઈઓ આવી છે અને તે દૂર કરવા માટે વર્ગશિક્ષક અને વિષય શિક્ષકોએ કઠીન પુરૂષાર્થ કરવો પડશે.

## વરસાદ થંભ્યો : સાબરકાંઠા, અરવલ્લીના ખેડૂતો ખેતીકામમાં પરોવાયા : ખેત સીમાડા જીવંત બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસુ ખેતીને જીવતદાન બિયારણ નિષ્ફળ જવાનો ભય ઉભો થયો હતો અનેક વિસ્તારોમાં ખેડૂતો પાયમાલ ન થઈ જાય, મૂરઝાતી ખેતીને ૨૦ દિવસ સુધીનું જીવનદાન મળ્યું છે. વરસાદના કારણે ખેડૂતોના જીવમાં જીવ



આપનારો વરસાદ વરસ્યા પછી રાત્રિથી વરસાદ થંભી ગયો છે જેના કારણે મંગળવાર સવારથી ખેડૂતો ખેતી કામમાં પરોવાયા જેના કારણે ખેતસીમાડા જીવંત બન્યા છે. સારા વરસાદની ખુશાલી ખેડૂત પરિવારોમાં જોવા મળી છે.

વરસાદ ખેંચાય તો મોંઘુદાટ વરસાદ વરસે તે માટે પ્રાર્થનાઓ શરૂ થઈ હતી. આકાશમાંથી વછૂટતા અગનગોળા અને બફારાથી ખેડૂતોની ચિંતા વધી પરંતુ શનિવાર રાત્રિથી હવામાન વિભાગની આગાહી મુજબ સાઠંબા થી પોશીના સુધીના વિસ્તારોમાં ૧ થી ૭ ઈંચ જેટલો વરસાદ વરસતાં આવ્યો છે. ખેડૂતોએ વરસાદ થંભી ગયા પછી ખેડ, નિંદામણ સહિતની કામગીરી શરૂ કરી છે. ખેડૂતોને મજૂરો ન મળતાં ખેડૂત પરિવારો સ્વયં ખેતીકામમાં જોડાતાં અત્યારે સ્થિતિ એ છે કે ગામડાં ખાલી અને ખેતરો ખેડૂતોની હાજરીથી જીવંત જણાય છે.

## સરડોઈમાં પશુ દવાખાનાના નવીનીકરણ માટે ૪૮.૬૬ લાખ મંજૂર, પશુપાલકોમાં આનંદ છવાયો

સરડોઈ, તા.૨૭

મોડાસાના સરડોઈમાં છેલ્લા ઘણા સમયથી જર્જરીત થયેલા પશુ દવાખાનાના નવીનીકરણ માટે સરકારમાં યોગ્ય રજૂઆત થયા પછી રૂા.૪૮.૬૬ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવતાં પંથકના પશુપાલકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. પશુ સારવાર માટે તૈયાર થનાર નવા પશુ દવાખાનામાં વીજળી, પાણી અને ગટર વ્યવસ્થા સહિતની સગવડ સાથે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

પશુપાલન વ્યવસાય ઉપર જિલ્લાનો મોટો મદાર રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી પશુપાલનનો વ્યવસાય સતત વધી રહ્યો છે જેથી દૂધાળા પશુઓને સ્થાનિક ઝડપથી સારવાર મળી



રહે તે માટે રાજ્ય સરકારનું પશુપાલન વિભાગ સક્રીય થયું છે. પશુઓમાં રોગચાળો અટકાવવા માટે રસીકરણ અભિયાન ચલાવવાની સાથે ગ્રામ્ય વિસ્તારના વર્ષો જૂના પશુ દવાખાનાના સ્થાને નવાં પશુ દવાખાનાં તૈયાર કરવા માટે પણ સરકાર કટીબદ્ધ છે. મોડાસા તાલુકાના સરડોઈમાં પશુ દવાખાનું જર્જરીત થયા પછી ગમે ત્યારે કડડભૂસ થવાની તૈયારીમાં ઉભું હતું જેથી અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ અને સરડોઈ ગ્રામ પંચાયતના સદસ્ય યશપાલસિંહ પુંવાર દ્વારા પશુ દવાખાનાના નવીનીકરણ માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી હતી જેમાં સરકારમાં થયેલ સફળ રજૂઆત પછી સરડોઈના જર્જરીત પશુ દવાખાનાના નવીનીકરણ માટે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતાં પશુપાલકોમાં ખુશાલી છવાઈ છે. સરકાર દ્વારા ગ્રાન્ટની ફાળવણી કર્યા પછી સ્થાનિક કક્ષાએ પશુ સારવાર ઉપરાંત નવા પશુ દવાખાનામાં વીજળી, પાણી અને ગટર વ્યવસ્થા સહિતની સુવિધાઓ સાથે ટૂંકમાં જ નવીનીકરણની કામગીરી શરૂ થઈ શકે છે.

## કચ્છમાં બોટ પલટી જતાં આર્મીના છ જવાનોને બીએસએફ પેટ્રોલિંગ પાર્ટીએ બચાવ્યા

કચ્છની સંવેદનશીલ સરહદે પેટ્રોલિંગ કરવું પડકારભર્યું બની રહેતું હોય છે. ત્યારે કોટેશ્વરની સામેની વિશાળ કોરી ક્રીકમાં પેટ્રોલિંગ કરી રહેલી આર્મીની એક બોટ ઉથલી જતા કટોકટી સર્જાઈ હતી. બોટમાં સવાર લશ્કરના ૬ જવાનોને બીએસએફની પેટ્રોલિંગ પાર્ટીએ ડૂબવાથી બચાવી લીધો હતો. આર્મીના જવાનો કોરી ક્રીકમાં સ્પીડ બોટ મારફતે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન દરિયો રફ થતાં અને પાણીમાં અચાનક વધારો થતાં સ્પીડ બોટ વજનમાં હલકી હોતા ઉંધી વળી ગઈ હતી અને તેમાં સવાર આર્મીના ૬ જવાનો પાણીમાં પડ્યા હતાં. આ દરમિયાન આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા બીએસએફના પેટ્રોલિંગ કરતા જવાનોએ બચાવ્યા હતા.

## છોકરાંના ઝઘડામાં દંગલ : બાયડમાં મહિલાને આડુ મારતાં પથારીવશ

### પોલીસની ઢીલી તપાસનો આરોપ, પોલીસ ઉવાચ મહિલાને દવાનો ખર્ચ જોઈએ, ફરિયાદ આપવી નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ ગામની મોરારજી પ્રા.શાળા પાછળના વિસ્તારમાં રહેતા વસાવા પરિવાર વચ્ચે છોકરાંના ઝઘડવા મુદ્દે બબાલ થયા પછી આરોપીએ મહિલાને આડુ મારતાં પથારીવશ થઈ ગઈ છે. હુમલા અંગે બાયડ પોલીસને લેખિત અરજી આપ્યા પછી પણ તપાસ શરૂ થઈ નથી. ટાઉન જમાદારે જણાવ્યું કે અમે મહિલા પાસે નિવેદન માટે ગયા હતા તેને ફરિયાદ કરવાનો ઈન્કાર કર્યો છે અને દવાનો ખર્ચ જોઈએ તેમ જણાવતાં પોલીસ વિમાસણમાં મૂકાઈ છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ ગામમાં રહેતી સુમીબેન સુરેશભાઈ વસાવા અને તેમના પડોશીના છોકરાઓ વચ્ચે ઝઘડો થતાં તેને બંન્નેને સમજાવટ કરી તોફાન ન કરવા અને સામાન્ય લાફો માર્યો હતો ત્યારબાદ દોડી આવેલા બચ્ચન તરીકે ઓળખાતા ઈસમે ગાડાના આડા વડે મહિલાને ફટકારતાં જમીન ઉપર ફસકાઈ હતી અને ત્યારથી આજદિન સુધી પથારીવશ છે. મહિલાની કમર અને ગાદીને ગંભીર ઈજા થયાનું અનુમાન છે. જ્યારે બાયડ પોલીસ આ મામલે કોઈ કાર્યવાહી કરતી નથી તેવા આરોપ લાગ્યા છે. ટાઉન જમાદાર સંજયભાઈએ જણાવ્યું કે આરોપીને શોધવા માટે પહોંચ્યા હતા પરંતુ ઘરે મળ્યો નથી અને મહિલા ફરિયાદ નોંધાવવા માટે ઈન્કાર કરી રહી છે.

## બાયડ ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો અનાવરણ કાર્યક્રમ યોજાયો

### વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકર તથા સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના વરદ હસ્તે પ્રતિમાનું અનાવરણ કરાયુ

બાયડ. તા.૨૭

અરવલ્લી જીલ્લાના બાયડના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બાયડ દ્વારા આયોજીત



શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકર તથા સહકાર, રમત-ગમત અને સાંસ્કૃતિક અને વાહનવ્યવહારના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે કરાયું.

બાયડના શરણાઈ પાર્ટી પ્લોટ ખાતે પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું કે, આજનું કાર્ય સૌના માટે ગૌરવ લેવાનું છે, સરદાર શ્રીને લોકો દ્વારા લોખંડી પુરુષનું બિરુદ પણ મળ્યું છે. ભારતના બિસ્માર્ક અને ખેડૂતોના હામી એવા દેશના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રીના જન્મથી લઈ મૃત્યુ સુધી ચાલતા એકધારા જીવનમાં ઉત્સવો, પ્રસંગો અને આંદોલનો યુવાપેઢીને માર્ગદર્શન આપવાનું કામ કરે છે. આજના આ ટેકનોલોજીના સમયમાં સરદાર પટેલ આવનારી પેઢી માટે હંમેશા જીવંત રહેશે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બાયડ દ્વારા મુખ્યયાર્ડ બાયડના પ્રાંગણમાં શ્રી સરદાર પટેલની



આરસની પ્રતિમા અંદાજે રૂ. એક લાખના ખર્ચે સ્થાપિત કરવાનો નિર્ણય કરીને સરદારના વિચારોને જીવંત રાખવાનું કામ કર્યુ છે. માર્કેટયાર્ડના વિકાસ માટે સાથી મિત્રોને સાથે લઈને ચાલવું, માર્કેટયાર્ડમાં વેપારીઓ અને ખેડૂતો વચ્ચેનો સબંધ એ અતિ મહત્વનો છે, વિકાસ એ સહકારનો એક ભાગ છે, દરેકે પોતાની જવાબદારીથી જ કામ કરવું જોઈએ, ખેડૂતોએ પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે કલેકટરશ્રી તથા મામલતદારશ્રીને જાણ કરવા, રાજ્ય સરકાર દ્વારા દૂધ મંડળીમાં શ્વેતક્રાંતિ લાવી છે, પુરવઠામાં ૧૭ હજાર મંડળીઓ સહકારના ભાવ સાથે ચાલી રહી છે, રાજ્ય સરકાર શિક્ષણ, સંસ્થાઓ, સહકારી સંસ્થાઓમાં સારા કાર્યો કરી રહી છે, સરકાર ખેડૂતો માટે વિવિધ યોજનાઓ પણ અમલમાં લાવી છે તથા ૧૦ લાખ મહિલાઓને ૧-૧ લાખ રૂપિયાની લોન આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, બાયડમાં ૧૨૩ જેટલા ગામો આવેલા છે, જેમાં બાયડ માર્કેટયાર્ડને રૂ બે કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. દેશ આઝાદ થયા પછી સરદારશ્રી દ્વારા ખેડૂતો માટે અતિ મહત્વના કાર્યો કરવામાં આવ્યા, પહેલાના સમયમાં ખેતી કરવા માટે ખેડૂતોએ ધિરાણ લેવા માટે બેક્નના ધક્કા ખાવા પડતા હતા જયારે વર્તમાન સમયમાં ગુજરાત સરકાર દ્વારા ૭ ટકા તથા કેન્દ્ર સરકાર દ્વારા ૩ ટકા લોન આપવામાં આવે છે, ૮૦ કરોડ રૂપિયા પશુપાલન માટે મળે છે.

## ઉત્તર ગુજરાતમાં ૪ વર્ષ પછી પણ જી.એસ.ટી. સીસ્ટમ અપસેટ

### વેપારીઓને ફરીથી નોટીસ અપાતાં નારાજગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

ઉત્તર ગુજરાતમાં જી.એસ.ટી. અમલને ૪ વર્ષ પૂરા થઈ ગયા હોવા છતાં આ સીસ્ટમમાં અપસેટ જેવી સ્થિતિ સામે આવી છે. વેપારીઓ પોર્ટલ બંધ હોવાના કારણે વર્ષના મોટાભાગના દિવસોમાં રીટર્ન ફાઈલ કરી શકતા નથી અને વિભાગ દ્વારા ફરીથી અસંખ્ય વેપારીઓને નોટિસ આપવામાં આવતાં વેપારીઓમાં નારાજગી છે. ટાર્ગેટ પૂરો કરવા માટે જી.એસ.ટી.ના અધિકારીઓએ કડકાઈ દાખવી છે. જેમાં કહેવાય છે કે જે વેપારીઓ નિયમિત રિટર્ન ફાઈલ કરે છે તેમને પણ નોટિસ આપવામાં આવતાં વેપારીઓ અપસેટ બન્યા છે.

બોગસ બીલીંગના આધારે જી.એસ.ટી.ની ચોરી કરી કરોડો રૂપિયાનું ઉચાપત કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. જેથી વિભાગ દ્વારા હવે બોગસ બીલીંગથી થતા આર્થિક વ્યવહારો ઉપર વોચ ગોઠવવામાં આવી છે. કેટલાક વેપારીઓ જી.એસ.ટી. વિભાગના સાણસામાં આવી ગયા છે પરંતુ નિયમિત રીટર્ન ફાઈલ કરનારા વેપારીઓ માટે આ સીસ્ટમ હજુ પણ માથાના દુઃખાવારૂપ બની રહી છે. વર્ષના મોટાભાગના દિવસોમાં પોર્ટલ બંધ રહેતું હોવાના કારણે ઉત્તર ગુજરાતના અસંખ્ય વેપારીઓ સમયસર રીટર્ન ફાઈલ કરી શકતા ન હોવાની ફરિયાદ છે તેની સામે વિભાગ દ્વારા હવે કડકાઈ દાખવી નોટિસ ફટકારવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી અધિકારીઓ દ્વારા એક જ પ્રકારની નોટિસ તૈયાર કરી વેપારીઓને ચોક્કસ રકમ ભરી દેવા માટે સૂચનાઓ આપવામાં આવી રહી છે તે પૈકી કેટલાક વેપારીઓને જી.એસ.ટી.માં ભરવાના થતા નાણાં બાકી હશે પરંતુ કેટલાક વેપારીઓએ જી.એસ.ટી. પેટે ભરવાની થતી રકમ ભરી દીધી છે અથવા તો તેમાં સ્ટે મેળવી લીધો છે. આવા વેપારીઓને પણ નોટિસો આપવામાં આવતી હોવાની ફરિયાદ વેપારીઓમાંથી ઉઠી રહી છે.

### ચકચારી સ્વીટી પટેલ હત્યા કેસ

## આરોપી અજય દેસાઈને સાથે રાખી પોલીસે સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

કરજણ,તા.૨૭

ચકચારી સ્વીટી પટેલ મર્ડર કેસમાં આજે અમદાવાદ ક્રાઈમ બ્રાંચ આરોપી અજય દેસાઈને કરજણમાં આવેલી પ્રાયોશા સોસાયટીમાં લઈને પહોંચી હતી. આ સોસાયટીમાં જ અજય દેસાઈએ સ્વીટી માટે બંગલો ભાડે રાખ્યો હતો, અને ૦૫મી જૂનના રોજ રાત્રે તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. પોલીસે આજે અજય દેસાઈએ કઈ રીતે સ્વીટીનું મર્ડર કર્યુ, તેની બોડીને ધાબળામાં કઈ રીતે લપેટી ત્યાંથી લઈને તે પોતાની ગાડીને રિવર્સ મારીને બંગલામાં કઈ રીતે લાવ્યો ત્યાં સુધીનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

અજય દેસાઈએ પોતાનો ગુનો કબૂલી લીધા બાદ હાલ તે ૧૧ દિવસના રિમાન્ડ પર છે. ગઈકાલે જ કોર્ટે તેના રિમાન્ડને મંજૂરી આપી હતી. આજે પોલીસ તેને લઈને જે બંગલામાં મર્ડર થયું ત્યાં પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે, આ જ ઘરના બાથરુમમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચને લોહીના ડાઘા મળ્યા હતા. પોલીસ અજય દેસાઈને લઈને તેણે જ્યાં લાશ બાળી હતી ત્યાં પણ જશે. ભરુચ જિલ્લાના દહેજ તાલુકામાં આવેલા અટાલી ગામમાં રસ્તા પર આવેલી એક અવાવરું બિલ્ડિંગમાં અજયે સ્વીટીની લાશને બાળી હતી. તે વખતે તેનો મિત્ર કિરિટસિંહ જાડેજા પણ ત્યાં હાજર હતો.

પોલીસ સામાન્ય રીતે આરોપી સામે મજબૂત પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહીમાં તેણે કઈ રીતે ગુનાને અંજામ આપ્યો તેનું તેની પાસેથી જ રિકન્સ્ટ્રક્શન કરાવતી હોય છે, અને આ સમગ્ર ઘટનાની વિડીયોગ્રાફી પણ કરવામાં આવતી હોય છે. આ કેસ ખાસ્સો હાઈપ્રોફાઈલ હોવાથી અજય દેસાઈએ ગુનો કબૂલી લીધા બાદ પણ તે ટ્રાયલ દરમિયાન કાયદાની કોઈ છટકબારીનો લાભ ના ઉઠાવી શકે તે માટે તેની સામે ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. જેના ભાગરુપે જ આજે તેની પાસેથી તેણે કઈ રીતે મર્ડર કર્યુ તેમજ લાશનો નિકાલ કઈ રીતે કર્યો તે તમામ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવી રહ્યું છે.

## ગૃહિણીઓને ફટકો : ફરી એકવાર કપાસિયા-સિંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં ફરી સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો થયો છે. અષાઢ મહિનાની શરૂઆત થતા જ હવે તહેવારોની સીઝન શરૂ થઈ ગઈ છે ત્યારે આવા ટાંણે



લોકોના બજેટ પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. એક તરફ પેટ્રોલ-ડીઝલમાં તોતિંગ ભાવવધારો અને બીજી તરફ હવે ખાદ્યતેલના ભાવ પણ આસામાને જઈ રહ્યાં છે.

રાજકોટથી તહેવારો પહેલા ગૃહિણી માટે માઠા સમાચાર આવ્યા છે. સિંગતેલ અને કપાસિયા, પામોલિન તેલમાં ફરી ભાવ વધારો થયો છે. ૬ દિવસમાં ૨૫ થી ૪૦ રૂપિયા સુધીનો ભાવ વધારો થયો છે. તો સિંગતેલનો ડબ્બો ૨૪૬૫ રૂપિયા હતો, તે વધીને ૨૪૯૦ રૂપિયા થયો છે. તો કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૪૦૦ રૂપિયા હતો, તે વધીને ૨૪૪૦ રૂપિયા થયો છે. તો પામોલીન તેલનો ડબ્બો ૧૯૬૫ રૂપિયાનો હતો, તે વધીને ૨૦૧૦ રૂપિયા પર પહોંચી ગયો છે.

મે મહિનાના અંતમાં સિંગતેલના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. જેથી લોકોને રાહત થઈ હતી. મે મહિનામાં ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થતા ખાદ્યતેલમા વાયદા બજાર ખુલતાની સાથે જ કડાકો બોલાયો હતો. જેથી સિંગતેલના ડબ્બાના ભાવમાં ૫૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. તો કપાસિયા તેલના ભાવ ૩૦ રૂપિયા ઘટ્યા હતા. સિંગતેલ ડબ્બો ૨૫૦૦થી ૨૫૫૦ થયો હતો. જેના બાદ સતત ભાવ ઘટ્યા હતા. આ પાછળ ચીનની માંગ કારણભૂત છે. સીંગતેલમાં છેલ્લા કેટલાક સમયથી ચાઈના સાથેના વેપાર બંધ હતા.બીજી તરફ ઈમ્પોર્ટ તેલના ભાવ કાબુમાં આવ્યા હતા.તેની સાથે સાથે સીંગતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## મહીસાગર નદીમાં કૂદી યુવક-યુવતીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી

વડોદરા,તા.૨૭

વડોદરા શહેર નજીક સિંધરોટ પાસે મહીસાગર નદીના બ્રિજ પરથી કૂદીને યુવક અને યુવતીએ રહસ્યમય સંજોગોમાં આપઘાત કર્યો હતો. બંનેના મૃતદેહો આજે સવારે મહીસાગર નદીમાંથી મળી આવ્યા હતા. પ્રેમ પ્રકરણમાં બંનેએ આત્મહત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે. તેમની બાઈક બ્રિજ પાસે પાસેથી પાર્ક કરેલી મળી આવી હતી. યુવક પાસેથી મળી આવેલા આઈડી પ્રૂફમાં યુવક નાપાડ ગામનો હોવાનું બહાર આવ્યું છે. જ્યારે યુવતીની ઓળખ થઈ શકી નથી.

ચોમાસાની સિઝનમાં મહીસાગર નદીમાં નવા નીર આવતા બે કાંઠે વહી રહી છે, તેવા સમયે આણંદ તાલુકાના નાપાડ ગામનો યુવક યુવતી સાથે બાઈક ઉપર સિંધરોટ નજીક મહીસાગર બ્રિજ પર આવી પહોંચ્યા હતા અને તેઓએ બ્રિજની નજીક આવેલી મકાઈની લારી પાસે બાઈક ઉભી રાખીને ચાલતા થોડેક દૂર ગયા હતા, જ્યાં આ બંનેએ રહસ્યમય સંજોગોમાં મહીસાગર નદીના ધસમસતા પાણીમાં મોતની છલાંગ લગાવી હતી, જેથી બંને મોતને ભેટ્યા હતા. બંનેની લાશ મહીસાગર નદીના કિનારે તરતી લોક નજરે ચડતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને કિનારા પર તરતી લાશોને બહાર કાઢી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી.

ગામના કેટલાક લોકોએ બ્રિજની આસપાસ તપાસ કરતા એક બિનવારસી બાઈક મકાઈની લારી પાસે પાર્ક કરેલી મળી આવી હતી.

## ધર્માંતરણ મુદ્દે બારી-બારિયા સમાજના આગેવાનો દ્વારા વલસાડ કલેક્ટરને આવેદનપત્ર અપાયું

વલસાડ,તા.૨૭

વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ધર્માંતરણનો મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બની રહ્યો છે. આથી આજે દક્ષિણ ગુજરાત બારી બારીયા સમાજના આગેવાનોએ વલસાડ જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા વલસાડ જિલ્લામાં થઈ રહેલી ધર્માંતરણની પ્રવૃત્તિને રોકવા માટે માંગ કરી હતી. લોકોને લોભ લાલચ આપી અને ગેરમાર્ગે દોરી ગેરકાયદેસર થતી આવી ધર્માંતરણની પ્રવૃત્તિમાં જોડાયેલા ખ્રિસ્તી મિશનરીઓને શોધી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

થોડા દિવસ અગાઉ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મરોલી દાંડી ગામના બારી બારીયા સમાજના એક જ પરિવારના એક સાથે સાત સભ્યો હિંદુ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મ અપનાવી રહ્યા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. મરોલીના દાંડીના ચર્ચમાં થયેલી આ બારીયા સમાજના પરિવારની ધર્માંતરણની વિધિને લઈ મોટો વિવાદ થયો હતો. આથી પોલીસ તપાસ પણ શરૂ કરવામાં આવી હતી. ગામના ૪૦ થી વધુ બારી બારીયા સમાજના પરિવારોનું ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો સાથે આજે બારી બારીયા સમાજના આગેવાનો કલેકટરને મળ્યા આવેદનપત્ર આપ્યું હતું. મુખ્યમંત્રીને સંબોધીને લખેલા આવેદનપત્રમાં જિલ્લામાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવાની માંગ કરી હતી.